# શહેરમાં રથયાત્રા પર મેઘરાજાએ હેત વરસાવ્યુ

ગાંધીનગર તા ૨૫ ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે સવારે સે-૨૨ પંચદેવ ભાવિકોએ મોજથી પ્રસાદ લીધો હતો. દિવસના અસહ્ય ઉકળાટ બાદ સાંજે ભગવાનના રથ પર મેઘરાજાએ પણ નજરે પડ્યા હતા. ત્યારબાદ યાત્રામાં પોલીસની જીપ, ટ્રક તેમજ બાઈક સવાર યુવાનો હાથમાં ધજા લઈ સતત પગપાળા જતા નજરે પડયા હતા. ખાનગી વાહનો સાથે સામેલ બ્રહ્માકુમારીઝનો ટેબલો જોવા મળ્યો કર્મચારીઓ પણ સતત ચાલતા નજરે પડયા હતા. પુરતો પોલીસ બન્દોબસ્ત જોવા મળ્યો હતો. આ બાળકોને મજા પડી હતી. રથયાત્રા દરમિયાન રૂટમાં ભજન મંડળીની બહેનોએ પણ ભજનની રંગત રથયાત્રા દરમિયાન ઘોડે સવાર યુવાનોએ પણ ધુમ મચાવી હતી. સેકટરવાસીઓમાં વિશેષ આકર્ષણ વચ્ચે અંતર વધુ જોવા મળતુ હતુ. સેકટરોમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સ્વાગત માટે

## રથયાત્રા ઉમંગ ઉત્સાહ અને હર્ષોલ્લાસના માહોલ વચ્ચે સંપન્ન : સેકટરોમાં જય રણછોડનો જયઘોષ ગુંજયો : જગન્નાથજીના દર્શન માટે ભાવિકોની ભીડ જામી

## હાથી, ઘોડા અને કલાત્મક બગી સહિત વિવિધ ટેબ્લો અને વાહનો સાથે નિકળેલી રથયાત્રાનુ સેકટરોમાં ઉમળકાભેર સ્વાગત : ઘોડેસવાર યુવાનો, ટેકવેનડોના પ્રયોગો, તલવારબાજી અને અખાડાના કરતબોથી સેકટરવાસીઓ દંગ

મંદિરથી સવારે ૭ ૧૫ કલાકે પ્રસ્થાન થઈ હતી. ભગવાનની પુજાવિધિ બાદ રથયાત્રાનુ પ્રસ્થાન થયુ હતુ. જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે રથયાત્રા મંદિર સંકુલમાંથી આગળ વધી હતી. ભગવાનના દર્શન અર્થે મંદિરમાં હેત વરસાવ્યુ હતુ. વરસાદી ઝાપટા સાથે ભાવિકોએ પણ ભીંજાવાની મજા લીધી હતી. બપોર બાદ ભાવિકોની આગળ વધતા નજરે પડયા હતા. રથયાત્રા સમિતિની કાર, ઘોડેસવાર યુવાનો ત્યારબાદ ધર્માધ્યક્ષનો રથ હતો. જેમાં વિવિધ વેશમાં પરિધાન બાળકો પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. આ ઉપરાંત ઉપરાંત કલાત્મક બગીઓ પણ રથયાત્રામાં જોવા મળી હતી. જેમાં શિવપાર્વતીના વેશમાં સજજ પાત્રો જમાવી હતી. ડી જે ના સુર વચ્ચે તારા વિના શ્યામ.. મેરો મદન ગોપાલ.. ગોવિંદ ગોવિંદ.. છવાયુ હતુ. જયારે ટેકવેન ડો ના વિવિધ પ્રયોગોનુ પણ નિદર્શન કરવામાં આવ્યુ હતુ. સે-૧૩ માં ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સેકટરોમાં ઠેર ઠેર ઠંડા પાણીના પાઉચની સાથે છાશ તેમજ શરબત અને નાસ્તાની વ્યવસ્થા ભાવિકો માટે કરવામાં આવી હતી. સ્થાનિક રહીશો

## વર્ષો બાદ રથયાત્રા પર વરસાદના અમી છાંટણા થયા : દિવસની ગરમીથી ત્રસ્ત ભાવિકોએ પણ ભીંજાવાની મજા માણી

વિશેષ ભીડ જોવા મળી હતી.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના રૂટમાં આગળ વધતો હતો. જેના પાછળ ઢોલ નગારા સાથે જય રણછોડના જયઘોષ કરતા યુવાનો અને ભગવાન જગન્નાથજીનો રથ જોવા મળ્યો હતો. રથયાત્રાની સાથે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ મેયર રથયાત્રા રૂટમાં ભાવિકો સાથે મહાનગરપાલિકાનો ટેબલો પણ રથયાત્રામાં સામેલ હતો. સ્વચ્છતા જાગૃતિના સંદેશા સાથે ટેબલો રથયાત્રામાં જોડાયો હતો. જયારે સોલાર લાઈટના ટેબલા થકી વિજળી બચાવોનો સંદેશો પાઠવામાં આવ્યો હતો. ભગવાનના રથયાત્રામાં પોલીસ પણ ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. જયારે એક ટ્રકમાં ભુલકાઓને અત્યંત પ્રિય કાર્ટુનના પાત્રો પણ બાળકોમાં સમગ્ર રથયાત્રા દરમિયાન આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. મોટુ પતલુ ડોરેમોન મીકી માઉસ જેવા કાર્ટુન પાત્રો જોઈને તરણેતરનો મેળો જેવા ગીતો અને ગરબાની મજા સાથે ભાવિકો જુમ્યા હતા. સેકટરોમાં પ્રવેશતી રથયાત્રાને વધાવવા માટે સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે પ્રસાદના રથ પાસે વિશેષ ભીડ જોવા મળતી હતી. તલવારબાજી નિહાળી ભાવિકો દંગ રહી ગયા હતા. ક્ષત્રિય સમાજના મિત્ર મંડળો તેમજ સ્થાનિક આગેવાનો દ્વારા આ વ્યવસ્થા પુરી પાડવામાં આવી







ભાવિકોની ભીડ ઉમટી હતી. ઢોલનગારા અને ડી જે ના સુર વચ્ચે ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રામાં હાથી ઘોડા પાલકી સહીત રથયાત્રાના પ્રારંભે પંચદેવ મંદિર ખાતે નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજી , વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, મેયર પ્રવિણ પટેલ

## વિવિધ વેશભુષામાં સજજ બાળકો આકર્ષણનુ કેન્દ્ર બન્યા : કાર્ટુન પાત્રોને નિહાળી બાળકોને મોજ પડી

કલાત્મક બગી ઘોડે સવારો અને ૭૦ થી વધુ વાહનો સાથે ભાવિકો જોડાયા હતા. રથયાત્રા ભાવિકોના ઉત્સાહ વચ્ચે નિયત રૂટમાં આગળ વધી હતી. રથયાત્રા દરમિયાન ધારાસભ્ય અશોક પટેલ ગુડાના ચેરમેન આશિષ દવે નગરના અગ્રણી અરૂણ બુચ જયોતિ મહીલા મંડળના પ્રમુખ ચેતના બુચ સહીત મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહયા

યુવાનો દ્વારા તલવારબાજીના કરતબો પણ રજુ કરાયા હતા.

આ ઉપરાંત પાલડી અખાડાના યુવાનોએ સે-૭ શોપિંગ હતી. જુના સેકટરોમાં સાંજના સમયે રથયાત્રામાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટયુ હતુ. ભગવાનના દર્શન માટે ભાવિકોની ભીડ જામી હતી. જયારે ભગવાનના

## ભગવાન જગન્નાથજીના રથ પર મેઘરાજાએ હેત વરસાવ્યુ : ભાવિકોમાં હર્ષ

સેન્ટરમાં વિવિધ કરતબો રજુ કરી ભાવિકોને દંગ કરી દીધા હતા. ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ૭ હજાર જેટલા ભાવિકોને મોહનથાળ ખીચડી રથ પર વરસાદના અમીછાંટણા પણ વરસ્યા હતા. વરસાદી ઝાપટા સાથે ભાવિકોએ ભીંજાવાની મજા માંણી હતી. રથયાત્રા દરમિયાન વર્ષોના અંતે મેઘરાજાએ મહેર કરતા









તલવારબાજી , ટેકવેનડો તેમજ અખાડાના વિવિધ પ્રયોગોનુ નિદર્શન આકર્ષણનુ કેન્દ્ર રહયુ હતુ. વિવિધ વેશભુષામાં સજજ બાળકો ઉપરાંત કાર્ટુન પાત્રોએ ભુલકાઓને ખુશ કરી દીધા હતા. ભગવાનના મોસાળ જલારામ ધામમાં ૭ હજાર જેટલા હતા. ભગવાન જગન્નાથજીની પુજા આરતી બાદ રથયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. રથયાત્રાના પ્રારંભે સૌ પ્રથમ પોલીસની કાર ત્યારબાદ હાથી નજરે પડયો હતો ગજરાજ પર વેશભુષામાં સજજ બાળકો ત્રિરંગા સાથે સવાર થયેલા



બટાટાના શાકનો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. જયાં રથયાત્રાએ વિરામ લીધો હતો. ત્યારબાદ રથયાત્રા નિયત રૂટમાં આગળ વધી હતી. રથયાત્રા નિયત રૂટમાં સમયસર આગળ વધતી હતી. પરંતુ અઢી કી મી લાંબી યાત્રામાં વાહનો ભાવિકોમાં હર્ષની લાગણી વ્યાપી હતી. નવા અને જુના સેકટરોમાં રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. સાંજે રથયાત્રા નિજમંદિર પરત પહોંચી હતી રથયાત્રા શાંતિપુર્ણ અને ઉલ્લાસમય માહોલમાં નિર્વેધ્ને સંપન્ન થઈ હતી.

## રથયાત્રાની આસપાસ...

- સે. ૨૨ શોપીંગ સેન્ટરમાં વેપારી આગેવાન પ્રકાશ સુખડીયા, રમેશ ચૌધરી,હિમાંશુ પટેલ,સહિતના આગેવાનોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે. ૧૭ શોપીંગ સેન્ટરમાં રજુજી ગોલ, મુકુંદ સુખડીયા, સંદીપ રાવલ, વસાહત મંડળના સભ્યો સહિતના વેપારીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે. ૧૬ નાગરીક બેંક પાસે હોટલના વેપારીઓ તેમજ રાકેશ જાની દ્વારા ભાવિકો માટે પાણીના પાઉચની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે. ૧૬ શોપીંગ સેન્ટરમાં અરુણભાઈ બુચ, ડૉ. ચેતના બુચ, વેપારી મંડળના સભ્યોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું અને ભકતોને કાકડી-જાબુ અને મગનો પ્રસાદ વિતરણ કર્યો હતો.જયેન્દ્રભાઈ અને પ્રવિણભાઈ, મોહનભાઈએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે-૧૬માં ભગવાન જગન્નાથજીના રથના પૈંડાને હવા પુરવામાં આવી હતી.
- સે-૧૬ બ્રહ્મ ભવન ખાતે બ્રહ્મ સમાજ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત ગુડાના ચેરમેન આશિષ દવે, કનૈયાલાલ પંડયા, અશ્વિન ત્રિવેદી, પ્રિતેશ વ્યાસ અને જયશ્રી ખેતીયા સહિતના સમાજના આગેવાનોએ કર્યું હતું. અને ભાવિકો માટે ચા-કોફી બિસ્કીટની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે-૧૫ ફતેપુરા ગામના ચંદુજી ઠાકોર સહિતના ગ્રામજનોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે-૧૨ સાંઈનાથ સેવા સમિતિ મિત્ર મંડળ દ્વારા રથયાત્રાનું સ્વાગત તેમજ ભાવિકો માટે કાકડી-જાંબુ અને શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી.



## રથયાત્રાની આસપાસ...

- સે-૧૨માં કોર્પોરેટર નાજાભાઈ ઘાંઘર દ્વારા રથયાત્રાનું સ્વાગત અને ભાવિકો માટે છાશ અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે-૧૨માં ચીપ ટાઈપ શોંપીગ સેન્ટર પાણીની વ્યવસ્થા કરાઈ હતી.
- સેન્ટર સે-૧૩ શોંપિગ સેન્ટરમાં વેપારી આગેવાનો તેમજ પ્રેરણા પ્રગતિ મંડળના આત્મારામ વાળંદ સહિતના આગેવાનોએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું.
- સે-૬ મનોજભાઈ દ્વારા ભાવિકો માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે - ૬ માં ભુવનેશ્વર મંદિર પાસે રથયાત્રાનું સ્વાગત નગરના અગ્રણી અરુણ બુચ, ભુવનેશ્વર મંદિરના પુજારી, કોર્પોરેટર હિરલબેન જોશી,દ્વારા કરવામાં આવ્યું હતું.
- સે-૬માં બિપિનસિંહ ચાવડા દ્વારા ભાવિકો માટે ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી.ઉપરાંત શોંપીગના પ્રમોદ સોલંકી દ્વારા બુંદીનુ વિતરણ કરાયું હતું.
- સે-૬માં નવયુવક મિત્ર મંડળ દ્વારા ભકતો માટે છાશ અને બુંદીનું વિતરણ કરાયું હતું.
- સે-૬માં ચંદ્ર મૌલેશ્વર મહાદેવના ટ્રસ્ટીઓ જામસિંહ જાલા, ભગવાનદાસ મોદી, ઉદયસિંહ મકવાણા, રમેશચંદ્ર આચાર્ય સહિતના આગેવાનો ફુલહારથી સ્વાગત કર્યુ હતુ અને ભકતો માટે પ્રસાદીનું વિતરણ કરાયું હતું.
- ઘ-૨ પાસે ગોપાલક મિત્ર મંડળ દ્વારા છાશનું અને પૌંવાનું વિતરણ કરાયું હતું. રીયા ઈન્ફોસીસના દિનેશ શાહ દ્વારા ફરાળી ચેવડાના ૧૦૦૦ પેકટનું વિતરણ કરાયું હતું. ઘ-૨ લારી ગલ્લા યુનિયનના કાદરભાઈ મેમણ, ભરત રાવત દ્વારા બુંદીનું વિતરણ કરાયું હતું.

● અનુસંધાન પાન-૫ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com